આંક –78

| સેશન્સ કેસ નંબરઃ– 65/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૮ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | મુકેશકુમાર નાગજીજી ગેલોત | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9558470403 |
| ઉંમર આશરે | ૨૯ | વરસની | ધંધો | વન રક્ષક અંબાજી |
| રહેવાનુ | ગેનાજી ગોળીયા તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) તા.૩૧/૭/૨૨ના રોજ આર.એફ.ઓ.ડીસાના કહેવાથી સાડા અગિયારથી બાર વાગ્યાના સમયગાળામાં અમો પંચ તરીકે ડીસા રૂરલ પો.સ્ટે.માં હાજર થયેલા. બીજા પંચ તરીકે કીરણભાઈ હતા. ત્યાં પોલીસ સ્ટેશનમાં પોલીસનો સ્ટાફ હતો અને આરોપી રાહુલભા નાનજી ધોરી(ઠાકોર) હાજર હતો. પોલીસે અમો પંચને સમજ કરી કે ડીસ્કવરી પંચનામું કરવાનુ છે.

(૨) ત્યારબાદ પોલીસ સ્ટેશનથી સરકારી ગાડીમાં એક સવા એક વાગ્યાના સુમારે પી.આઈ. સાહેબ તથા બીજા બે પોલીસના માણસો એક પંચ કિરણભાઈ તથા હુ તથા આરોપી રાહુલ ધોરી (ઠાકોર) નીકળેલા. ત્યારે આરોપી રાહુલે અમો પંચોની હાજરીમાં કહેલુ કે મારુ ટીશર્ટ અને ગુપ્તિ મામાના ઘરે સંતાડેલ છે તે હું તમને બતાવું.

(૩) પોલીસ સ્ટેશનથી સરકારી વાહન સાથે નીકળી જલારામ મંદિર થી રાણપુર આથમણાવાસ, રાણપુર વસલાવાસ, ઉગમણા વાસ થી વાસડાથી ગામમાં વળી નદીમાં થઈ નદીના કાચા રસ્તે થઈ ત્યાં આગળ ગોઢ ગામમાં એક ખેતર આવેલુ છે ત્યાં ગાડી રોકાવી તેઓ ઉતરી જોતા આરોપી કહેલ કે આ મારા મામાનું ઘર છે, તે ઘરના બાજુની ડી.પી.ની જોડે ઝાડીમાં જોતા પાણીવાળુ ઘાસની અંદર જઈ એક આંખી બાયનું આસમાની ટીશર્ટ મળેલ, જે ટીશર્ટના કોલર ઉપર ફેન્ડી લખેલ હતુ અને પાછળના ભાગમાં હાઈરાઈસ લખેલ સ્ટીકર લગાવેલ હતુ, તેના ઉપર ચોમાસાના કારણે પાણીના ડાઘા હતા, બીજા એના ઉપર નિશાન ડાઘા જણાયેલ નહી, આ ટીશર્ટને એક કાપડની થેલીમાં અમો પંચોની હાજરીમાં પેક કરી સીલ મારેલ અને તેને માર્ક:સી–૧

સાહેદની સહી............................

આપેલ. એક પાઈપ જેવુ જે અંદરથી ખોલતા ધારદાર અણીવાળુ હથિયાર ગુપ્તિ કાઢેલ, તેની જે ગુપ્તીની લંબાઈ ૮ ઈંચ હતી, જે ધારદાર હતી, જે અંદરથી કાઢતા ભીના જેવુ હતુ, જે ગુપ્તિ ઉપર લોહી જેવા ડાઘા હતા, જે ગુપ્તિને અમો પંચોની હાજરીમાં પોલીસે કબજે કરેલી અને જે ગુપ્તિ ઉપર બોટમમાં સ્ટાર જેવુ નિશાન હતુ અને કબજે કરેલ ગુપ્તિને ઈ–ર નામનો સીલ મારેલો. મને દિશાઓમાં ખબર પડે છે. ડીસ્કવરી પંચનામાના ચતુર્થ દિશા જોતા પૂર્વ અને દક્ષિણ દિશામા ભાગમાં ગાંડા બાવળ આવેલ હતા અને પશ્ચિમ દિશામાં ઠાકોર ડાહ્યાજીનું ઘર આવેલ હતુ અને ઉત્તર દિશામાં ઈલેકટ્રીક થાંભલો આવેલ હતો અને ત્યાં પાણીનું હોજ આવેલ હતુ.

મને માર્ક:૧૭/ર૪વાળું ડીસ્કવરી પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચનામાના પાને પાને પંચ નં.૧ તરીકે મારી તથા બીજા પંચ નં. ર તરીકે કીરણભાઈ વાઘેલાની સહી છે, જેઓએ મારી રૂબરૂ કરેલી, જેથી હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૭૯** આપવામાં આવે છે.

**મુદામાલ અત્યારે આ કોર્ટમાં હાજર નથી જેથી સાહેદને મુદામાલ બતાવવા માટે બોક્ષમાંથી ઉતાર્યા.**

**મુદામાલ આવતા ફરીથી સાહેદને બોક્ષમાં લીધા.**

**સોગંધ આપ્યા..**

મને નામ.કોર્ટની કસ્ટીમાંથી મુદામાલ આર્ટીકલનં.ર૬(માર્ક:ઈ–૧) થેલી ખોલીને બતાવવામાં આવે છે, જે જોતા આસમાની કલરનું ટીશર્ટ છે,જેની ઉપર લોહીના ડાઘા છે, જે તે તેજ છે, જે પોલીસે અમારી હાજરીમાં કબજે કરેલ. જેમાંથી નીકળેલ એક કાગળની કાપલી , જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે કિરણભાઈની સહી છે,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૮૦** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટીમાંથી મુદામાલ આર્ટીકલનં.ર૭(માર્ક:ઈ–ર) થેલી ખોલીને બતાવવામાં આવે છે, જે જોતા એક કાળા હાથાવાળી ગુપ્તિ છે,જેની ઉપર લોહીના ડાઘા છે, જે તે તેજ છે, જે પોલીસે અમારી હાજરીમાં કબજે કરેલ. જેમાંથી નીકળેલ એક કાગળની કાપલી , જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે કિરણભાઈની સહી છે,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૮૧** આપવામાં આવે છે.

સાહેદની સહી............................

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...**

**આરોપીના વિ.વ.શ્રીના ઓફિસ કલાર્કનું આજે મૃત્યુ થયેલ છે અને તેઓ આજે શમશાન વિધીમાં રોકાયેલ હોય તેવી ઓપન કોર્ટમાં જાહેરાત થતા ઉલટતપાસ મુલતવી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૯–૧૧–૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................